**એમ.એ.સી.પી. નં –૧૦૨/૨૦૨૦**

**આંક–૧ નીચે હુકમ**

અરજદાર/અરજદારના વિ. વકીલ શ્રી તથા સામાવાળા/સામાવાળાના વી. વકીલશ્રીએ હાજર થઇ આજરોજ લોકઅદાલતમાં આંક –૨૩ થી સમાધાન રજુ કરતાં તે સ્વૈચ્છિક, તેમના લખાવ્યા મુજબ અને પક્ષકારોને કબુલ મંજુર હોવાનું સ્વીકારતા સદર સમાધાન નોંધવા હુકમ કરવામાં આવેલ છે તે સમાધાનને અનુરૂપ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

(૧) હાલના કલેઇમ સંબંધે સામાવાળા નંબર (વીમા કંપનીનું નામ) **૩. ગો ડીજીટ જનરલ ઇન્શ્યોરન્સ કંપની લીમીટેડ** વાળાએ અરજદારને અરજી સંબંધે ફુલ એન્ડ ફાઇનલ સેટલમેન્ટ પેટે વળતરના અનુક્રમે એન.એફ.એલ. સહિત રૂપીયા ૧,૬૦,૦૦૦/– (અંકે રૂપીયા એક લાખ સાઠ હજાર પુરા) ચુકવવા જવાબદારી સ્વીકારેલ છે અને અરજદારે સદર સેટલમેન્ટવાળી રકમ સુધી પોતાનો કલેઇમ મર્યાદિત કરી સ્વીકારેલ છે અને અરજદારે બાકીના સામાવાળા ઓને કલેઇમની જવાબદારીમાંથી મુક્ત ગણવા કબુલ રાખેલ છે.

(૨) જવાબદારી સ્વીકારનાર સામાવાળાએ સમાધાન મુજબની રકમ જો એન.એફ.એલ.ની રકમ ચુકવેલ હોઈ તો તે એન.એફ.એલ.ની રકમ સમાધાનની રકમમાંથી બાદ કરી બાકીની રકમ આજથી ત્રણ માસમાં અરજદારને ચૂકવવી કે ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે. તેમાં નિષ્ફળ ગયેથી સમાધાન મુજબની રકમ ઉપર સમાધાનની તારીખથી દર વર્ષે **૦૯** ટકાના દરથી સાદું વ્યાજ અરજદારને ચૂકવવાનું રહેશે.

(૩) વળતર અરજીનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવાનું રહેશે.

– મળવાપાત્ર કોર્ટ ફી રીફંડ સર્ટીફીકેટ અરજદારના નામનું કાઢવુ.

– ઉપરોક્ત વિગતે હુકમનામું દોરવુ.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૨૬/૦૬/૨૦૨૨
અમદાવાદ

(કુ.એસ.એસ.પી.જૈન)
મોટર એક્સીડેન્ટ કલેઇમ ટ્રીબ્યુનલ,
સહાયક નંબર – ૬
અમદાવાદ(ગ્રામ્ય), મીરઝાપુર,
અમદાવાદ
(યુ.આઈ.સી. નં. જીજે૦૧૫૯૯)